# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૫૭ તા.૧૭-૦૩-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :-** **એફ.એલ.એન.-એન.એ.એસ. સર્વે અમલીકરણ બાબત.**
**સંદર્ભ :-** **ક્રમાંક/જીસીઈઆરટી/સંશોધન/૨૦૨૨/૫૬૦૫-૫૭૦૦ તા.૧૬-૦૩-૨૦૨૨**

આથી મ્યુનિ શાળાના તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સમગ્ર દેશમાં એક સાથે તારીખ ૨૩ થી ૨૫ માર્ચ ૨૦૨૨ દરમિયાન ધોરણ ૩માં **એફ.એલ.એન.-એન.એ.એસ. સર્વે** હાથ ધરવામાં આવનાર છે જે પૈકી યાદી મુજબની ૪૩ શાળાઓમાં તારીખ ૨૩ અને ૨૪ માર્ચ ૨૦૨૨ દરમિયાન **એફ.એલ.એન.-એન.એ.એસ.** સર્વે હાથ ધરવામા આવનાર છે. તો યાદી મુજબની ૪૩ શાળાઓમાં તારીખ ૨૩ અને ૨૪ માર્ચ ૨૦૨૨ દરમિયાન ધોરણ ૩ના વિદ્યાર્થીઓની હાજરી સુનિશ્ચિત કરવા અને યોગ્ય સહકાર આપવા જણાવવામાં આવે છે.

બિડાણ : શાળાઓની યાદી

તા.૧૭-૦૩-૨૦૨૨

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

सत्यमेव जयते

નિયામક


ક્રમાંક : જીસીઈઆરટી/સંશોધન/૨૦૨૨/ ૫૬૦૫-૫૭૦૦
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (079) 23256808-39
નિયામક : (079) 23256808
સચિવ : (079) 23256813
ફેક્સ : (079) 23256812
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in


તારીખ : ૧૬/૩/૨૦૨૨

પ્રતિ,

પ્રાચાર્યશ્રી,

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ.

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ,

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ,

શાસનાધિકારીશ્રી તમામ.

વિષયઃ એફ.એલ.એન.–એન.એ.એસ. સર્વે અમલીકરણ બાબત.

શ્રીમાન,

જયભારત સહ ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે એન.સી.ઇ.આર.ટી. નવી દિલ્હી દ્વારા સમગ્ર દેશમાં એક સાથે તારીખ ૨૩ થી ૨૫ માર્ચ ૨૦૨૨ દરમિયાન ધોરણ ૩ માં એફ.એલ.એન.–એન.એ.એસ. સર્વે હાથ ધરવામા આવનાર છે જે પૈકી ગુજરાતમાં તારીખ ૨૩ અને ૨૪ માર્ચ ૨૦૨૨ દરમિયાન એફ.એલ.એન.–એન.એ.એસ. સર્વે હાથ ધરવામા આવનાર છે. આ સર્વે માટે રાજયની જે શાળાઓ સેમ્પલમા પસંદ થયેલ છે તેની યાદી આ સાથે આપને મોકલી આપીએ છીએ. આ શાળાઓ પૈકી આપના તાબા હેઠળની શાળાઓમાં તારીખ ૨૩ અને ૨૪ માર્ચ ૨૦૨૨ દરમિયાન ધોરણ ૩ના વિદ્યાર્થીઓની હાજરી સુનિશ્ચિત કરવા આપ આપની કક્ષાએથી પ્રયાસ કરશો. રાષ્ટ્રીય કક્ષાના આ સર્વેમાં આપનો પૂરતો સહયોગ મળી રહેશે તેવી અપેક્ષા છે.

આભાર સહ

નિયામક
જીસીઇઆરટી, ગાંધીનગર

બિડાણઃ ઉપરોકત દર્શાવેલ સેમ્પલમાં સમાવિષ્ટ શાળાઓની યાદી.

# Annexure I: Detailed list of selected sample of Students for FLS original sample list.

| State Code | State/UT | District Code | District | UDISE+ School Code | School Name | Frame | School Management | School Category | Medium of Instruction | Block Name | Village | School Address | PIN Code |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 24 | Gujarat | 2407 | AHMEDABAD | 24070501030 | RANIPI PRI. SCHOOL 4 | Government | 3 | 2 | Gujarati | CITY | RANIP | RANIP SHALA NO-4,NEAR BAL KRISHNA TEMPLE,OPP.GITA APPT,RANIP | 382480 |
| 24 | Gujarat | 2407 | AHMEDABAD | 24071202355 | KUBERNAGAR HINDI SHALA NO 4 | Government | 3 | 2 | Hindi | AMC | KUBERNAGAR | Kubernagar hindi shala no.4 nehrunagar , kubernagar. | 382340 |
| 24 | Gujarat | 2407 | AHMEDABAD | 24070501117 | DIGVIJAY PRI. SCHOOL HINDI | Government | 3 | 1 | | CITY | RANIP-3 | opp sun real home ,new ranip | 382470 |
| 24 | Gujarat | 2407 | AHMEDABAD | 24071202541 | SAIJPUR HINDI SHALA NO1 | Government | 3 | 2 | Hindi | AMC | SAIJPUR | BHIND TORRENT POWER MEMCO CROSS ROAD SAIJPUR | 382345 |
| 24 | Gujarat | 2407 | AHMEDABAD | 24071201830 | ASARWA HINDI 9 | Government | 3 | 2 | Hindi | AMC | GIRDHARNAGAR | asarwa hindi school no9 nr pumping station | 380016 |
| 24 | Gujarat | 2407 | AHMEDABAD | 24071203509 | G.I.D.C. HINDI SCHOOL NO - 1 | Government | 3 | 2 | Hindi | AMC | ODHAV | UDAY ESTATE ADINATH NAGAR ODHAV AHMEDABAD-382415 | 382415 |
| 24 | Gujarat | 2407 | AHMEDABAD | 24071201309 | NAVA VADAJ HINDI - 1 | Government | 3 | 2 | Hindi | AMC | NAVA VADAJ | OPP. SHREENATH APPARTMENT, Nr. VYASWADI,NNAVA VADAJ, AHMEDABAD, 380013 | 380013 |
| 24 | Gujarat | 2407 | AHMEDABAD | 24071202304 | KUBERNAGAR AMB H - 2 | Government | 3 | 1 | Hindi | AMC | KUBERNAGAR | defence colony bhargav road kubarnagar ahmedabad | 382340 |
| 24 | Gujarat | 2407 | AHMEDABAD | 24071201116 | NARANPURA HINDI 4 | Government | 3 | 1 | Hindi | AMC | S.P.STADIUM | partiksha appartment, sola road, ahmedabad | 380013 |

| State Code | State/UT | District Code | District | UDISE+ School Code | School Name | Frame | School Management | School Category | Medium of Instruction | Block Name | Village | School Address | PIN Code |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 24 | Gujarat | 2407 | AHMEDABAD | 24071203404 | THAKKARNAGAR HINDI SCHOOL - 2 | Government | 3 | 1 | Hindi | AMC | NIKOL ROAD | NR THAKKAR NAGAR BUS STOP THAKKARNAGAR AHMEDABAD | 382350 |
| 24 | Gujarat | 2407 | AHMEDABAD | 24071203109 | RAJPUR H - 5 | Government | 3 | 2 | Hindi | AMC | RAJPUR | OPP UTTAM DAIRY SUKHARAMNAGAR AHMEDABAD | 380021 |
| 24 | Gujarat | 2407 | AHMEDABAD | 24071203531 | ODHAV HINDI-3 | Government | 3 | 2 | Hindi | AMC | ODHAV | MAHESHWARINAGAR ODHAV AHMEDABAD | 382415 |
| 24 | Gujarat | 2407 | AHMEDABAD | 24071203302 | KHOKHARA HINDI - 4 | Government | 3 | 2 | Hindi | AMC | BHAIPUR HATKESWAR | NEAR LAXMINARAYAN SOCIETY MANINAGAR | 380026 |
| 24 | Gujarat | 2407 | AHMEDABAD | 24071204208 | VINOBABHAVE H.1 | Government | 3 | 2 | Hindi | AMC | VATAVA | vinobabhavenagar vinzol | 382445 |
| 24 | Gujarat | 2407 | AHMEDABAD | 24071202911 | SARASPUR HINDI - 2 | Government | 3 | 1 | Hindi | AMC | RAKHIYAL | Nr. Raipur mill, saraspur, ahmedabad-380018 | 380018 |
| 24 | Gujarat | 2407 | AHMEDABAD | 24071203508 | ODHAV HINDI 1 | Government | 3 | 2 | Hindi | AMC | ODHAV | NEAR WATER TANK ODHAV AHMEDABAD | 382415 |
| 24 | Gujarat | 2407 | AHMEDABAD | 24071202818 | BAPUNAGAR HINDI - 5 | Government | 3 | 2 | Hindi | AMC | BAPUNAGAR | NR GANIT STAND, PATEL WADI, BAPUNAGAR | 380024 |
| 24 | Gujarat | 2407 | AHMEDABAD | 24071201104 | NARANPURA HINDI 1 | Government | 3 | 2 | Hindi | AMC | S.P.STADIUM | NEAR RAILWAY CROSSING, NARANPURA AHMEDABAD | 380013 |
| 24 | Gujarat | 2407 | AHMEDABAD | 24071202915 | BAPUNAGAR URDU - 2 | Government | 3 | 1 | Urdu | AMC | RAKHIYAL | opp block no 60 GHB aman chawk bapunagar | 380024 |
| 24 | Gujarat | 2407 | AHMEDABAD | 24071204309 | VATAVA URDU-2 | Government | 3 | 2 | Urdu | AMC | ISANPUR | OPP GAM TALAV VATVA AHMEDABAD | 382440 |
| 24 | Gujarat | 2407 | AHMEDABAD | 24071200318 | SHAHPUR U-6 | Government | 3 | 1 | Urdu | AMC | DARIYAPUR | BEHIND RANGILA POLICE CHOKI SHAHPUR | 380001 |

| State Code | State/UT | District Code | District | UDISE+ School Code | School Name | Frame | School Management | School Category | Medium of Instruction | Block Name | Village | School Address | PIN Code |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 24 | Gujarat | 2407 | AHMEDABAD | 24071203111 | RAJPUR U - 1 | Government | 3 | 2 | Urdu | AMC | RAJPUR | opp gomtipur garden rajpur gomtipur ahmedabad | 380021 |
| 24 | Gujarat | 2407 | AHMEDABAD | 24071203018 | GOMTIPUR U - 2 | Government | 3 | 1 | Urdu | AMC | GOMTIPUR | CEMENT CHAWL GOMTIPUR | 380021 |
| 24 | Gujarat | 2407 | AHMEDABAD | 24071203120 | RAKHIYAL URDU - 2 | Government | 3 | 1 | Urdu | AMC | RAJPUR | opp hira tower rakhiyal road | 380023 |
| 24 | Gujarat | 2407 | AHMEDABAD | 24071202920 | BAPUNAGAR URDU - 8 | Government | 3 | 1 | Urdu | AMC | RAKHIYAL | opp. panna estet bapunagar rakhiyal road neaR ADSAM SAHID DARGAH | 380023 |
| 24 | Gujarat | 2407 | AHMEDABAD | 24071202119 | SARASPUR URDU - 5 | Government | 3 | 2 | Urdu | AMC | SARASPUR | nr. nutanmill cross road b/s municipal saraspur | 380018 |
| 24 | Gujarat | 2407 | AHMEDABAD | 24071203136 | SUNDARAMNAGAR URDU SCHOOL NO 2 | Government | 3 | 2 | Urdu | AMC | RAJPUR | OP P MANIYAR TRAILOR RAKHIYAL SUNDARAMNAGAR | 380023 |
| 24 | Gujarat | 2407 | AHMEDABAD | 24071204016 | CHANDOLA URDU SCH 2 | Government | 3 | 1 | Urdu | AMC | DANILIMDA | MANIYAR PETROL PUMP NI BAJUMA NAROL ROAD AHMEDABAD | 380028 |
| 24 | Gujarat | 2407 | AHMEDABAD | 24071203117 | RAJPUR U - 7 | Government | 3 | 2 | Urdu | AMC | RAJPUR | OPP GOMTIPUR GARDEN RAJPUR | 380021 |
| 24 | Gujarat | 2407 | AHMEDABAD | 24071204007 | MILLATNAGAR URDU-2 | Government | 3 | 1 | Urdu | AMC | DANILIMDA | BHAIRONATH ISANPUR ROAD MANINAGAR AHMEDABAD 380008 | 380028 |
| 24 | Gujarat | 2407 | AHMEDABAD | 24071203020 | GOMTIPUR U - 4 | Government | 3 | 1 | Urdu | AMC | GOMTIPUR | RABIYABASRI PIPADWALA, AHMEDABAD | 380021 |
| 24 | Gujarat | 2407 | AHMEDABAD | 24071202925 | RAKHIYAL ENGLISH - 1 | Government | 3 | 2 | English | AMC | RAKHIYAL | NAVOVAS RAKHIAL GAM AHMEADABAD | 380021 |

| State Code | State/UT | District Code | District | UDISE+ School Code | School Name | Frame | School Management | School Category | Medium of Instruction | Block Name | Village | School Address | PIN Code |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 24 | Gujarat | 2407 | AHMEDABAD | 24071202321 | KUBERNAGAR ENGLISH - 4 | Government | 3 | 2 | English | AMC | KUBERNAGAR | KAIKADI WAS A WARD KUBERNAGAR | 382340 |
| 24 | Gujarat | 2407 | AHMEDABAD | 24071200461 | SHAHPUR ENGLISH SCHOOL | Government | 3 | 2 | English | AMC | SHAHPUR | SHAHPUR GUJ. SCHOOL NO.5- 6 CAMPUS, Nr. shahpur char rasta, shahpur, ahmedabad | 380004 |
| 24 | Gujarat | 2407 | AHMEDABAD | 24071203484 | LILANAGAR PUBLIC SCHOOL | Government | 3 | 1 | English | AMC | NIKOL ROAD | virat nagar mastar stration pachhal thakkarbapanagar | 382350 |
| 24 | Gujarat | 2407 | AHMEDABAD | 24071202882 | BAPUNAGAR PUBLIC SCHOOL | Government | 3 | 1 | English | AMC | BAPUNAGAR | bapunagar, ahmedabad | 380024 |
| 24 | Gujarat | 2407 | AHMEDABAD | 24071200846 | VASANA ENG PUBLIC SCHOOL | Government | 3 | 1 | English | AMC | VASANA | Nr.VASANA AMTS BUS STOP, VASANA , AHMEDABAD | 380051 |
| 24 | Gujarat | 2407 | AHMEDABAD | 24071203840 | KANKARIYA PUBLIC SCHOOL | Government | 3 | 1 | English | AMC | KANKARIA | JUNA DHOR BAJAR MADHYAM VARG SOCIETY KANKARIA | 380022 |
| 24 | Gujarat | 2407 | AHMEDABAD | 24071202309 | KUBERNAGAR ENGLISH - 1 | Government | 3 | 2 | English | AMC | KUBERNAGAR | KUBARNAGAR ENGLISH 1 | 382340 |
| 24 | Gujarat | 2407 | AHMEDABAD | 24071200252 | KALUPUR PUBLIC SCHOOL | Government | 3 | 1 | English | AMC | KALUPUR | BAKALIS POL NEAR KALUPUR TOWER KALUPUR | 380016 |
| 24 | Gujarat | 2407 | AHMEDABAD | 24071204052 | DANILIMDA PUBLIC SCHOOL | Government | 3 | 2 | English | AMC | DANILIMDA | DANILIMDA PUBLIC SCHOOL KANUBHAI NI CHALI DANILIMDA AHMEDABAD | 380028 |
| 24 | Gujarat | 2407 | AHMEDABAD | 24071203640 | KHOKHRA PUBLIC SCHOOL | Government | 3 | 1 | English | AMC | KHOKHARA MEHMDABAD | KHOKHARA CIRCLE KHOKHARA | 380008 |
| 24 | Gujarat | 2407 | AHMEDABAD | 24071201451 | SABARMATI PUBLIC SCHOOL | Government | 3 | 1 | English | AMC | SABARMATI | SHAMSAN ROAD, ACHER GAM, SABARMATI AHMEDABAD | 380005 |

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૫૭-A તા.૧૭-૦૩-૨૦૨૨

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :-** **SSC અને HSC માર્ચ ૨૦૨૨ બોર્ડ પરીક્ષા અન્વયે સરકારી પ્રતિનિધિને તાલીમ આપવા બાબત**

**સંદર્ભ :-** **ક્રમાંક : જિશિઅ/બોર્ડ/૨૦૨૧-૨૨/૧૨૮૪ તા.૧૬-૦૩-૨૦૨૨**

આથી મ્યુનિ શાળાના તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા SSC અને HSC માર્ચ-૨૦૨૨ પરીક્ષા તા.૨૮-૦૩-૨૦૨૨ થી તા.૧૨-૦૪-૨૦૨૨ દરમ્યાન લેવાનાર છે. સદર પરીક્ષાનું સુચારુ આયોજન થાય તે હેતુથી સરકારી પ્રતિનિધિ તરીકે નિમણૂંક પામેલ કર્મચારીઓની નીચે દર્શાવેલ સ્થળે અને સમયે તાલીમ ગોઠવેલ છે. તો તાલીમમાં બિનચૂક ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| તાલીમનું સ્થળ / સરનામું | : | સ્કાઉટ ભવન,પાલડી, અમદાવાદ |
| તાલીમનો સમય | : | તા.૨૧-૦૩-૨૦૨૨ સવારે ૧૧-૦૦ કલાકે |

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૧૭-૦૩-૨૦૨૨

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

Azadi Ka Amrit Mahotsav

# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી અમદાવાદ શહેર

आज़ादी का अमृत महोत्सव

બ્લોક- એ, પ્રથમ માળ, બહુમાળી ભવન, સરકારી વસાહત રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ- ૩૮૦૦૫૨

ક્રમાંક:જિશિઅ/બોર્ડ/૨૦૨૧-૨૨ / ૧૨૮૪

તા.૧૬/૦૩/૨૦૨૨

પ્રતિ,
શાસનાધિકારીશ્રી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
અમદાવાદ.

વિષય:- SSC અને HSC માર્ચ-૨૦૨૨ બોર્ડ પરીક્ષા અન્વયે સરકારી પ્રતિનિધિને તાલીમ આપવા બાબત

સંદર્ભ:- (૧) અત્રેની કચેરીનો પત્રક્રમાંક: જિશિઅ/બોર્ડ/૨૦૨૧-૨૨/૭૯૮ તા.૧૦/૦૩/૨૦૨૨
(૨) નપ્રાશિસમિતિ,અમદાવાદ ના પરિપત્ર નં.-૧૫૫ તા.૧૪/૦૩/૨૦૨૨
(૩) નપ્રાશિસમિતિ,અમદાવાદ નો પત્ર તા.૧૫/૦૩/૨૦૨૨

નમસ્કાર,

ઉપરોક્ત વિષય અને સંદર્ભે અન્વયે જણાવવાનું કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા SSC અને HSC માર્ચ-૨૦૨૨ પરીક્ષા તા. ૨૮/૦૩/૨૦૨૨ થી ૧૨/૦૪/૨૦૨૨ દરમિયાન લેવાનાર છે. જે અન્વયે સંદર્ભ દર્શિત હુકમથી આપની કચેરીની તાબા હેઠળની શાળાઓના કર્મચારીઓને સરકારી પ્રતિનિધિ તરીકેની નિમણુંક થયેલ છે. સદર પરીક્ષાનું સુચારુ આયોજન થાય તે હેતુથી આ સરકારી પ્રતિનિધિઓની નીચે દર્શાવેલ સ્થળે અને સમયે તાલીમ ગોઠવેલ છે જે અન્વયે સદર કર્મચારીઓનો તાલીમમાં સમયસર બિનચૂક હાજર રહેવા આદેશ થઇ આવવા વિનંતી.

| | |
|---|---|
| તાલીમનું સ્થળ/સરનામું | :- સ્કાઉટ ભવન, પાલડી, અમદાવાદ |
| તાલીમનો સમય | :- તા.૨૧/૦૩/૨૦૨૨ ના સવારે ૧૧:૦૦ કલાકે |

જિલ્લા શિક્ષણાધિકારી
અમદાવાદ શહેર

બિડાણ:- સંદર્ભદર્શિત પત્ર

E-mail Address – ahmcdeo@gmail.com

Phone:- 079-26442961

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૫૭-B તા.૧૭-૦૩-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય:- નિષ્ઠા ૩.૦(FLN) અંતર્ગત પૂર્વ પ્રાથમિક શાળાઓ તેમજ ધોરણ ૧ થી ૫ના શિક્ષકો અને મુખ્ય શિક્ષકોને નિષ્ઠા (FLN) શિક્ષક તાલીમના ૧૧ થી ૧૨ના કોર્ષમાં જોડવા બાબત.

સંદર્ભ:- ક્રમાંક : જીસીઈઆરટી/તાલીમ/૨૦૨૧-૨૨/ તા.૧૬-૦૩-૨૦૨૨

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, રાજ્યની તમામ પૂર્વ પ્રાથમિક શાળાઓના શિક્ષકો અને મુખ્ય શિક્ષકોને NISHTHA (National Initiative For School Heads and Teachers Holistic Advancement) અંતર્ગત પાયાગત વાંચન, લેખન અને ગણન Foundational Literacy and Numeracy(FLN) તાલીમના કોર્ષ મોડયુલ ૧૧ થી ૧૨ માં જોડવાના રહે છે.

માર્ચ માસમાં શિક્ષકોએ કોર્ષ મોડયુલ ૧૧ થી ૧૨ ની તાલીમ મેળવવાની રહેશે. આ તાલીમ ૧૬ માર્ચ થી ૩૧ માર્ચ ૨૦૨૨ સુધીમાં મેળવી શકાશે. એક સાથે બન્ને કોર્ષમાં(જોઇન કોર્ષ બટન ક્લીક કરી) શિક્ષકો જોડાઈ શકશે.

**જિલ્લા કક્ષાએ નિષ્ઠા ૩.૦ (FLN) તાલીમમાં રાજ્યની તમામ પૂર્વ પ્રાથમિક શાળાઓ તેમજ સરકારી શાળાઓના ધોરણ ૧ થી ૫ના શિક્ષકો અને મુખ્ય શિક્ષક જોડાય અને તમામ ૧૨ કોર્ષ પૂર્ણ કરે તે સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે.**

શિક્ષકે ઓનલાઇન કોર્ષમાં જોડાવવા માટે સેલ્ફ ડિક્લેરેશન ફોર્મ નિષ્ઠા પોર્ટલ પર ફરજિયાત ભરવાનું રહેશે અન્યથા કોર્ષમાં જોડાઇ શકાશે નહી. આ રજીસ્ટ્રેશનની વિગતોમાં જિલ્લો, તાલુકો, ક્લસ્ટરનું નામ, શાળાનું નામ, ટીચર કોડ અવશ્ય ભરવાનો રહેશે.

દરેક શિક્ષકને ઓનલાઇન કોર્ષ પૂર્ણ કર્યા બાદ નિષ્ઠા તાલીમ પૂર્ણ કર્યા અંગેનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે.

દરેક શિક્ષકે તાલીમમાં શીખેલ બાબતોનું વર્ગખંડમાં ઉપયોજન કઇ રીતે કરવું તેનો કોર્ષવાઇઝ અહેવાલ (મોડયુલ વાઇઝ કુલ ૧૨) સ્વાધ્યાયકાર્યના સમયગાળામાં તૈયાર કરી સી.આર.સી.કો.ઓર્ડિનેટરને જમા કરાવવાનું રહેશે.

સી.આર.સી.કો.ઓર્ડિનેટર શિક્ષકે કોર્ષવાઇઝ જમા કરાવેલ અહેવાલ માટેનું રજીસ્ટર (મોડયુલ વાઇઝ કુલ ૧૨) નીચે આપેલ નમૂના મુજબ તૈયાર કરી ૫ એપ્રિલ ૨૦૨૨ સુધીમાં સી.આર.સી.કો.ઓર્ડિનેટને જમા કરાવવાનું રહેશે.

| ક્રમ | શિક્ષકનું નામ | શાળા પ્રકાર | ભણાવતા હોય તે ધોરણ | મોડયુલવાઈઝ જમા કરાવેલ અહેવાલની વિગત | |
|---|---|---|---|---|---|
| | | | | ૧૧ | ૧૨ |
| | | | | | |

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૧૭-૦૩-૨૦૨૨

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

ક્રમાંક:જીસીઇઆરટી/તાલીમ/૨૦૨૧-૨૨/
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન' સેક્ટર-૧૨, ગાંધીનગર
Email: gcerttraining@gmail.com
તારીખ: ૧૬-03-૨૦૨૨

સત્યમેવ જયતે
સચિવ

પ્રતિ,
**જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,તમામ**
**શાસનાધિકારીશ્રી, તમામ**

**વિષયઃ નિષ્ઠા 3.0 (FLN) અંતર્ગત પૂર્વ પ્રાથમિક શાળાઓ તેમજ ધોરણ ૧ થી ૫ના શિક્ષકો અને આચાર્યોને નિષ્ઠા (FLN) શિક્ષક તાલીમના 11 થી 12 ના કોર્સમાં જોડવા બાબત**

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે રાજયની તમામ પૂર્વ પ્રાથમિક શાળાઓ તેમજ સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી પ્રાથમિક શાળાઓના શિક્ષકો અને આચાર્યોને **NISHTHA** (National Initiative For School Heads' and Teachers' Holistic Advancement) અંતર્ગત **પાયાગત વાંચન,** લેખન અને ગણન **Foundational Literacy and Numeracy (FLN)**તાલીમના કોર્સ મોડયુલ 11 થી 12 માં જોડવાના રહે છે.

માર્ચ માસમાં શિક્ષકોએ <u>કોર્સ મોડયુલ 11 થી 12 ની તાલીમ મેળવવાની રહેશે.</u> આ <u>તાલીમ **16 માર્ચ થી 31 માર્ચ 2022** સુધીમાં મેળવી શકાશે.</u> તાલીમમાં એક સાથે બંને કોર્સમાં (જોઇન કોર્સ બટન કલીક કરી) શિક્ષકો જોડાઇ શકશે.


જિલ્લાકક્ષાએ **નિષ્ઠા 3.0 (FLN)** તાલીમમાં રાજયની તમામ પૂર્વ પ્રાથમિક શાળાઓ તેમજ સરકારી, ગ્રાન્ટેડ, અને ખાનગી પ્રાથમિક શાળાઓના ધોરણ ૧ થી ૫ના શિક્ષકો અને આચાર્યો જોડાય અને તમામ ૧૨ કોર્સ પૂર્ણ કરે તે માટે જરૂરી સંકલન કરી તેના સુચારું અમલીકરણની વ્યવસ્થા ગોઠવાય તે માટે જરુરી આયોજન જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ કરવાનું રહેશે. આ કામગીરી માટે જિલ્લા કક્ષાએ નિષ્ઠા તાલીમ માટે નિયુક્ત થયેલ નોડલ ઓફિસરને જરુરી સૂચના આપની કક્ષાએથી આપવાની રહેશે.

- શિક્ષકે https://diksha.gov.in/exploreના માધ્યમથી નિષ્ઠાના 12 કોર્સમાં ફરજિયાત જોડાવવાનું રહેશે.

| Sr. | FAQ by the Teacher / End User | Link |
|---|---|---|
| 1 | How do I **install** DIKSHA ? | https://youtu.be/ceZD5VET7vk |
| 2 | How do I **Sign-In or Register** on DIKSHA using my Laptop or Computer? | https://youtu.be/tL25_m8O0ww |
| 3 | How do I Sign-In or Register on DIKSHA using my Android Phone? | https://youtu.be/JsezA9ysA_I |
| 4 | How to login and **consume** DIKSHA courses on an Android Phone? | https://youtu.be/Bse2HRGkSxw |
| 5 | How to login and consume DIKSHA courses on a Laptop or Computer? | https://youtu.be/fhNgG6I52aI |

## Steps for self-declaration on DIKSHA

**Self-declaration process on DIKSHA**




1. Log into your DIKSHA account. Go to profile and click on "Edit"

2. Add your state, district, block, cluster and school and click on "Submit"

3. Log into your DIKSHA account. Go to profile and click on "Update"

4. Add the details and click on "Update"
*Note: Enter your unique teacher ID in the field "ID as requested by your state"*

- શિક્ષકે ઓનલાઇન કોર્સમાં જોડાવવા માટે સેલ્ફ ડિકલેરેશન ફોર્મ નિષ્ઠા પોર્ટલ પર ફરજિયાત ભરવાનું રહેશે અન્યથા કોર્સમાં જોડાઇ શકાશે નહીં. આ રજીસ્ટ્રેશનની વિગતોમાં જિલ્લો, તાલુકો, કલ્સ્ટરનું નામ, શાળાનું નામ, ટીચર કોડ અવશ્ય ભરવાનો રહેશે.

| | |
|---|---|
| **Course 11** | **Integrated ICT in Teaching learning and Assessment** |
| **Course 11** | **Toy based pedagogy for foundational stage** |

- ૧૧ અને ૧૨ કોર્ષમાં વ્યકતિગત રીતે જોડાવવાનું રહે છે. જેનું સમય પત્રક નીચે મુજબ છે.

| મોડયુલ | કોર્સનો સમય ગાળો | રિમાર્કસ |
|---|---|---|
| 11 થી 12 | 16-03-2022 થી 31-03-2022 | તારીખથી 16 માર્ચ 2022 ના રોજ કોર્સ શરૂ થશે. આ કોર્સમાં શિક્ષકે દીક્ષા પ્લેટફોર્મમાં લોગીન કરી કોર્સ ટેબમાં જતાં કોર્સ જોવા મળશે. આ કોર્સમાં જોડાવવા માટે શિક્ષકે Join કોર્સ પર કલીક કરવાનું રહેશે |

- આ તાલીમ દરમિયાન તાલીમમાં જોડાવવા સંબંધી તેમજ શૈક્ષણિક પ્રશ્નો કે મુશ્કેલીઓ માટે શિક્ષકે તેમના જિલ્લા નોડલ ઓફિસરનો (નિષ્ઠા તાલીમ) સંપર્ક કરવાનો રહેશે.

- દરેક શિક્ષકને ઓનલાઇન કોર્સ પૂર્ણ કર્યા બાદ નિષ્ઠા તાલીમ પૂર્ણ કર્યા અંગેનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે. જે માટે તાલીમાર્થીએ કોર્સના મૂલ્યાંકનકાર્યમાં 70% ગુણ પ્રાપ્ત કરવાના રહેશે તો જ તેનું જ ઓનલાઇન પ્રમાણપત્ર જનરેટ થશે. તાલીમ પૂર્ણ થયા બાદ ૧૫ દિવસમાં દીક્ષા પ્લેટફોર્મમાં લોગીન થતા પ્રોફાઇલ પેજમાંથી ડાઉનલોડ કરી શકાશે.
- દરેક શિક્ષકે તાલીમમાં શીખેલ બાબતોનું વર્ગખંડમાં ઉપયોજન કઇ રીતે કરવું તેનો કોર્સવાઇઝ અહેવાલ (મોડયુલ વાઇઝ કુલ ૧૨) સ્વાધ્યાયકાર્યના સમયગાળામાં તૈયાર કરી સી.આર.સી.કો. ઓર્ડિનેટરને જમા કરાવવાનું રહેશે.
- સી.આર.સી.કો.ઓર્ડિનેટરે શિક્ષકે કોર્સવાઇઝ જમા કરાવેલ અહેવાલ માટેનું રજીસ્ટર (મોડયુલ વાઇઝ કુલ ૧૨) નીચે આપેલ નમૂના મુજબ તૈયાર કરી ૫ એપ્રિલ ૨૦૨૨ સુધીમાં બી.આર.સી.કો.ઓર્ડિનેટને તેમજ બી.આર.સી.કો.ઓર્ડિનેટરે દિન-૨ માં જિલ્લાના નોડલ ઓફિસરને જમા કરાવવાનું રહેશે.

| ક્રમ | શિક્ષકનું નામ | શાળા પ્રકાર | ભણાવતા હોય તે ધોરણ | મોડયુલવાઇઝ જમા કરાવેલ અહેવાલની વિગત | |
|---|---|---|---|---|---|
| | | | | 11 | 12 |
| | | | | | |

(વી. આર. ગોસાઇ)
સચિવ
જીસીઇઆરટી
ગાંધીનગર

**નકલ રવાના જાણ અને અમલ સારું**

- **પ્રાચાર્યશ્રી,** જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીના સંકલનમાં રહી કામગીરી શરૂ કરાવવા જરૂરી આયોજન કરવા સારું

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૫૭-C તા.૧૭-૦૩-૨૦૨૨

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :-** **ગુજરાત આર.ટી.ઈ.રૂલ્સ - ૨૦૧૨ના નિયમ ક્રમાંક : ૩ માં થયેલ સુધારા બાબતના શિક્ષણ વિભાગના જાહેરનામા બાબત.**

**સંદર્ભ :-** **પ્રાશિનિ/RTE/ ૨૦૨૨/૬૩૯-૭૨૫ તા.૧૬-૦૩-૨૦૨૨**

આથી મ્યુનિ શાળાના તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, આર.ટી.ઈ. એક્ટ-૨૦૦૯ અન્વયે ગુજરાત આર.ટી.ઈ.રૂલ્સ ૨૦૧૨ સમગ્ર રાજયમાં અમલમાં છે. જેમાં ગુજરાત આર.ટી.ઈ.રૂલ્સ ૨૦૧૨ના નિયમક્રમાંક ૦૩(૧)માં નીચે મુજબનો ફેરફાર કરવામાં આવેલ છે. જેનો અમલ કરવા જણાવવામાં આવે છે.

પ્રકરણ - ૨ : મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર

૩.(૧) શૈક્ષણિક વર્ષના ૧ જૂનનાં રોજ જે બાળકની ઉંમરનું છઠ્ઠુ વર્ષ પૂરૂ થયું ન હોય તેવા બાળકને સામાન્ય રીતે પ્રારંભિક શાળામાં પ્રવેશ આપવામાં આવશે નહીં

શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧, ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ દરમ્યાન કોઈ બાળકે તે શૈક્ષણિક વર્ષમાં ૧ લી જૂને ૫ વર્ષની વય પૂર્ણ કરેલા હોય તો તે જે તે વર્ષમાં પ્રવેશ મેળવવા પાત્ર રહેશે.

ઉકત મુજબના સુધારાની જાણ વાલીઓને પણ કરવાની રહેશે. જો કોઈ વાલી પોતાના પાલ્યને પૂર્વ પ્રાથમિક શિક્ષણ અપાવવા માંગતો હોય તો શિક્ષણ વિભાગના સદર જાહેરનામાને ધ્યાને લઈ શાળાઓ દ્વારા જે-તે બાળકને પૂર્વ પ્રાથમિક (Playgroup, Nursery, Jr.KG, Sr.KG)માં એવી રીતે પ્રવેશ આપવામાં આવે કે જયારે તે બાળક પૂર્વ પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કરે અને ધોરણ-૧માં પ્રવેશ મેળવવાની કાર્યવાહી કરે ત્યારે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માં ૧ જૂનનાં રોજ ૬ વર્ષની ઉંમર પૂર્ણ થયેલ હોય. જો કોઈ શાળાઓ દ્વારા સદર જાહેરનામાને ધ્યાને લીધા સિવાય પ્રવેશ આપશે અને શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં જે તે વિદ્યાર્થી પૂર્વ પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કરી ધોરણ-૧માં પ્રવેશ મેળવવા કાર્યવાહી કરે ત્યારે તે બાળકની વય ૧ જૂનના રોજ ૬ વર્ષથી ઓછી હશે તો પ્રવેશ મળી શકશે નહી અને જે-તે વિદ્યાર્થીને પુનઃ ૧ વર્ષ પૂર્વ પ્રાથમિક શિક્ષણનો અભ્યાસ કરવો પડશે. આથી, વાલી અને શાળા તેમજ કચેરી સાથે સંઘર્ષનું વાતાવરણ ઉભું થશે. ટૂંકમાં, શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ થી ૧ જૂનનાં રોજ જે બાળકની ઉંમરનું છઠ્ઠું વર્ષ પુરુ થયું ન હોય તેવા બાળકને સામાન્ય રીતે પ્રારંભિક શાળામાં ધોરણ-૧ માં પ્રવેશ આપવામાં આવશે નહી.

ઉકત સુધારા બાબતનું શિક્ષણ વિભાગનું નોટીફિકેશન આ સાથે સામેલ છે. જેનો વાલીઓમાં પ્રચાર - પ્રસાર કરવા જણાવવામાં આવે છે.

બિડાણ :- સંદર્ભિત પત્ર.

તા.૧૭-૦૩-૨૦૨૨

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

# પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,

ડૉ.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૧૨/૧, સેક્ટર-૧૦, ગુ.રા. ગાંધીનગર-૩૮૨૦૧૦,

ફોન નં.૦૭૯-૨૩૨૫૩૯૭૩-૭૮, ઇ-મેલ:-dpe.guj@gmail.com

.................................................................................................................

ટોચ અગ્રતા

**E-Mail**

પ્રાશિનિ/RTE/૨૦૨૨/૬૩૯-૭૨૫

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી

બ્લોકનં.૧૨/૧, ડૉ.જી.મ.ભવન,

ગુ.રા.ગાંધીનગર, તા.૨૫/૦૩/૨૦૨૨

**પ્રતિ,**

**-જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,**

જિલ્લા શિક્ષણ સમિતિ, **તમામ**

**-જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,**

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, **તમામ**

**-શાસનાધિકારીશ્રી,**

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, **તમામ**

**વિષય-** ગુજરાત આર.ટી.ઈ રૂલ્સ-૨૦૧૨ના નિયમ ક્રમાંક: ૩માં થયેલ સુધારા બાબતના શિક્ષણ વિભાગના જાહેરનામા મુજબ કાર્યવાહી કરવા પુનઃ સૂચના બાબત

**સંદર્ભ:-** 1) શિક્ષણ વિભાગનું તા. ૩૧/01/૨020નું નોટિફિકેશન

2) અત્રેની કચેરીનો પત્રક્રમાંક: પ્રાશિનિ/RTE/૧૭૪૦૭/૨૦૨૦/૮૪૪-૯૩૦ તા. 03/0૬/૨૦૨૦

3) અત્રેની કચેરીનો પત્રક્રમાંક: પ્રાશિનિ/RTE/32630/૨૦૨૦/૪૩૪૩-૪૪૩૦ તા.૨૩/૧૨/૨૦૨૦

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, આર.ટી.ઈ. એક્ટ-૨૦૦૯ અન્વયે ગુજરાત આર.ટી.ઈ રૂલ્સ-૨૦૧૨ સમગ્ર રાજ્યમાં અમલમાં છે. સંદર્ભ દર્શિત શિક્ષણ વિભાગના જાહેરનામા દ્વારા ગુજરાત આર.ટી.ઈ રૂલ્સ-૨૦૧૨ નાં નિયમ ક્રમાંક: 03 (૧)માં નીચે મુજબનો ફેરફાર કરવામાં આવેલ છે.

**પ્રકરણ-૨:** મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર

3. (૧) **શૈક્ષણિક વર્ષનાં ૧ જુનનાં રોજ જે બાળકની ઉંમરનું છઠ્ઠું વર્ષ પુરૂ થયુ ન હોય તેવા બાળકને સામાન્ય રીતે પ્રારંભિક શાળામાં પ્રવેશ આપવામાં આવશે નહી.**

**શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧, ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ દરમિયાન, કોઈ બાળકે તે શૈક્ષણિક વર્ષના 1 લી જૂને 5 વર્ષની વય પૂર્ણ કરેલા હોય તો તે જે તે વર્ષમાં પ્રવેશ મેળવવા પાત્ર રહેશે.**

ઉક્ત સુધારા બાબતનું શિક્ષણ વિભાગનું નોટિફિકેશન સંદર્ભ-૨ દર્શિત પત્રથી મોકલી આપવામાં આવેલ.. જે મુજબની જાણ આપની કક્ષાએથી આપના તાબા હેઠળની તમામ પ્રાથમિક શાળાઓમાં કરવા જણાવવામાં આવેલ છે. પરંતુ, ઘણા વાલીઓ દ્વારા સદર બાબતે અત્રેની કચેરી ખાતે રજૂઆત કરેલ હોઈ

(P.T.O.)

સદર બાબતનો પ્રચાર-પ્રસાર જિલ્લા કક્ષાએ યોગ્ય રીતે થયેલ હોઇ તેમ જણાઈ આવતુ નથી. આથી, પુનઃ જણાવવામાં આવે છે કે ઉક્ત મુજબના સુધારાની જાણ આપના તાબા હેઠળની તમામ પ્રાથમિક શાળાઓમાં સત્વરે કરવાની રહેશે. તેમજ વાલીઓને પણ સલાહ આપવાની રહેશે કે, જો કોઈ વાલી પોતાના પાલ્યને પૂર્વ પ્રાથમિક શિક્ષણ અપાવવા માંગતા હોય તો, શિક્ષણ વિભાગના સદર જાહેરનામાને ધ્યાને લઈ શાળાઓ દ્વારા જે તે બાળકને પૂર્વ પ્રાથમિક (Playgroup, Nursery, Jr.KG, Sr.KG)માં એવી રીતે પ્રવેશ આપવામાં આવે કે જ્યારે તે બાળક પૂર્વ પ્રાથમિક શિક્ષણ પુર્ણ કરે અને ધોરણ-૧માં પ્રવેશ મેળવવાની કાર્યવાહી કરે ત્યારે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં ૧ જૂનનાં રોજ ૬ વર્ષની ઉંમર પૂર્ણ થયેલ હોય. જો કોઈ શાળાઓ દ્વારા સદર જાહેરનામાને ધ્યાને લીધા સિવાય પ્રવેશ આપશે અને શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં જે તે વિદ્યાર્થી પૂર્વ પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કરી ધોરણ-૧માં પ્રવેશ મેળવવા કાર્યવાહી કરે ત્યારે તે બાળકની વય ૧ જૂનનાં રોજ ૬ વર્ષથી ઓછી હશે તો પ્રવેશ મળી શકશે નહી. અને જે તે વિદ્યાર્થીને પુનઃ ૧ વર્ષ પૂર્વ પ્રાથમિક શિક્ષણનો અભ્યાસ કરવો પડશે. આથી, વાલી અને શાળા તેમજ કચેરી સાથે સંઘર્ષનું વાતાવરણ ઉભુ થશે. ટૂંકમાં, શૈક્ષણિક ૨૦૨૩-૨૪ થી ૧ જુનનાં રોજ જે બાળકની ઉંમરનું ૬ઠ્ઠું વર્ષ પુરૂ થયુ ન હોય તેવા બાળકને સામાન્ય રીતે પ્રારંભિક શાળામાં ધોરણ-૧માં પ્રવેશ આપવામાં આવશે નહી. આથી, સદર જાહેરનામાથી આપના તાબા હેઠળની તમામ પ્રાથમિક શાળઓ માહિતગાર થાય તે મુજબની કાર્યવાહી કરવા અગાઉ પણ આપને સૂચના આપવામાં આવેલ હતી, તેમ છતાં પુનઃ ઉપર મુજબની કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવે છે.

માન. નિયામકશ્રીના આદેશ અનુસાર

સંયુક્ત શિક્ષણ નિયામક
ગુ.રા. ગાંધીનગર

બિડાણઃ શિક્ષણ વિભાગનું તા. ૩૧/૦૧/૨૦૨૦નું જાહેરનામુ

- સિલેકટ ફાઇલે, સદર કચેરી

Extra No. 31

वार्षिक लवाजमनो दर रू. ४,०००/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXI ] THURSDAY, FEBRUARY 13, 2020 / MAGHA 24, 1941

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

### PART IV-A

**Rules and Orders (Other than those published in Parts I, I-A, and I-L) made by the Government of Gujarat under the Central Acts**

### EDUCATION DEPARTMENT

### NOTIFICATION

Sachivalaya, Gandhinagar, 31st January, 2020

**Right of Children to Free and Compulsory Education Act, 2009.**

**No: GH/SH/04/PRE/122019/Single File-21/K:-** In exercise of the powers conferred by sub-section (1) of section 38 of the Right of Children to Free and Compulsory Education Act, 2009 (35 of 2009), the Government of Gujarat hereby makes the following rules further to amend the Right of Children to Free and Compulsory Education Rules, 2012, namely;

1. (1) These rules may be called the Right of Children to Free and Compulsory Education (Amendment) Rules, 2020.

   (2) They shall come into force on the date of their publication in the Official Gazette.

2. In the Right of Children to Free and Compulsory Education Rules, 2012, in rule 3, for sub-rule(l), the following sub-rule shall be substituted, namely:-

   "(1) Admission of pupils : No Elementary School shall admit a child in 1st standard who has not completed 6th year of age on the 1st June of the academic year:

   Provided that for the academic years 2020-2021, 2021-2022 and 2022-2023 a child shall be eligible for admission who has completed 5th year of age on the 1st June of the respective academic year."

By order and in the name of the Governor of Gujarat,

**J. M. MISHAN,**
Deputy Secretary to Government.

---

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૫૭-D તા.૧૭-૦૩-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય:- સ્વસ્થ બાલક-બાલીકા સ્પર્ધાનું આયોજન કરવા બાબત.

સંદર્ભ:- ક્રમાંક : પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૨/૨૮૧૬-૨૯૦૨ તા.૧૫-૦૩-૨૦૨૨

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, દેશમાં બાળકોના આરોગ્ય અને પોષણની સ્થિતિ સુધારવા બાબતે સ્વસ્થ બાલક-બાલીકા સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના તા.૦૪/૧૨/૨૦૨૧ના પત્રથી તા.૨૧ થી ૨૭ માર્ચ ૨૦૨૨ દરમિયાન સમગ્ર દેશમાં "સ્વસ્થ બાલક-બાલીકા સ્પર્ધાનું" આયોજન કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે. જેમાં ૦ થી ૬ વર્ષની વયજુથના તમામ બાળકો ઉંચાઇ અને વજન માપવા પર ભાર મૂકવામાં આવેલ છે. આપણી શાળામાં અભ્યાસ કરતા ૫ થી ૬ વર્ષના બાળકો માટે "સ્વસ્થ બાલક-બાલીકા સ્પર્ધાનું" આયોજન સફળતા પૂર્વક થાય તે માટે સંદર્ભિત પત્રમાં સામેલ પત્રની સુચનાઓનું પાલન કરવા જણાવવામાં આવે છે.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૧૭-૦૩-૨૦૨૨

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

ક્રમાંકઃપ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૨/૨૮૨૬-૨૯૦૨
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર. તા. ૧૫/03/૨૦૨૨

પ્રતિ
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ- સ્વસ્થ બાલક-બાલીકા સ્પર્ધાનું આયોજન કરવા બાબત.

સંદર્ભઃ- (૧) કમિશ્નરશ્રી. મહિલા અને બાળ વિકાસ કચેરી, ગાંધીનગરનો પત્ર ક્રમાંકઃ- આઇસીડીએસ/પોષણ અભિયાન/૧૩૮૮૫-૮૭/૨૨ તા. ૧૧/03/૨૦૨૨

(૨) અત્રેની કચેરીનો પત્ર ક્રમાંકઃ- પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૨/૧૦૪-૯૦ તા. ૦૧/૦૧/૨૦૨૨

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, દેશમાં બાળકોના આરોગ્ય અને પોષણની સ્થિતિ સુધારવા સમુદાયની સહભાગીતા માટે મહિલા અને બાળ વિકાસ દ્વારા તા. ૦૮ થી ૧૪ જાન્યુઆરી ૨૦૨૨ સુધી આરોગ્ય અને પોષણના મુદ્દાઓ બાબતે "સ્વસ્થ બાલક-બાલીકા સ્પર્ધા" નું આયોજન કરવામાં આવેલ હતું. COVID-19 ની પરિસ્થિતિને ધ્યાને લઇ ભારત સરકારશ્રીના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા "સ્વસ્થ બાલક-બાલીકા સ્પર્ધા" મુલતવી રાખવામાં આવેલ હતી.

ભારત સારકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના તા. ૦૪/૧૨/૨૦૨૨ ના પત્રથી તા. ૨૧ થી ૨૭ માર્ચ ૨૦૨૨ દરમ્યાન સમગ્ર દેશમાં "સ્વસ્થ બાલક-બાલીકા સ્પર્ધા" નું આયોજન કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે. જેમાં ૦ થી ૬ વર્ષની વયજુથના તમામ બાળકો ઊંચાઈ અને વજન માપવા પર ભાર મૂકવામાં આવેલ છે. જે અન્વયે "સ્વસ્થ બાલક-બાલીકા સ્પર્ધા" સ્પર્ધાનું આયોજન સફળતા પૂર્વક કરી તેનું મોનિટરીંગ કરવા માટે કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ કચેરી, ગાંધીનગરના તા. ૦૮/૧૨/૨૦૨૧ ના પત્રથી જે તે જિલ્લાના નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રીને નોડલ ઓફિસરશ્રી તરીકે નિયુક્ત કરવામાં આવેલ છે.

તારીખ ૨૧ થી ૨૭ માર્ચ ૨૦૨૨ દરમ્યાન યોજાનાર આ સ્પર્ધાના આયોજન, તૈયારી અને અમલીકરણને સરળ બનાવવા માટે ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા માર્ગદર્શિકા પણ તૈયાર કરવામાં આવેલ છે. આ માર્ગદર્શિકા મુજબ રાજ્યના ગ્રામિણ અને શહેરી વિસ્તારોમાં ૦ થી ૬ વર્ષની વયજુથના તમામ બાળકોના વજન અને ઊંચાઇનું માપન વિવિધ એજન્સીઓ દ્વારા કરવામાં આવનાર છે. આંગણવાડી કેન્દ્ર દ્વારા આવરી લેવામાં આવતા ભૌગોલિક વિસ્તારમાં આંગણવાડી કાર્યકર દ્વારા બાળકોના ઉંચાઇ અને વજન કરવામાં આવે તે વાતને પ્રાધાન્ય આપવામાં આવેલ છે. આંગણવાડી કાર્યકર ઉપરાંત એનજીઓ, લાયન્સ ક્લબ, રોટરી ક્લબ, રેસિડેન્શિયલ વેલ્ફેર એસોસીએશન, ઈન્ડિયન મેડિકલ એસોસિએશન, પેડિયાટ્રિક એસોસિએશન, એમ્પ્લોયર્સ એસોસિએશન, શાળાના શિક્ષકો, યુથ ક્લબ વગેરે પણ બાળકોના ઉંચાઇ અને વજનના માપનનું કાર્ય કરી શકે છે.

ઉપરાંત આંગણવાડી કાર્યકર સિવાય જે એજન્સી આ સ્પર્ધા અંતર્ગત બાળકોના ઉંચાઇ અને વજનના માપનની કામગીરીમાં સહભાગી થવા માંગતા હોય તેઓની જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તા. ૦૭ માર્ચ ૨૦૨૨ થી પોષણ ટ્રેકર એપ્લિકેશન પર "સ્વસ્થ બાલક બાલિકા" સ્પર્ધાના ઓનલાઈન મોડ્યુલમાં નોંધણી (રજીસ્ટ્રેશન) કરાવવાની રહે છે. (જો અગાઉ નોંધણી ન થયેલ હોય તો.)

Scanned with CamScanner

માન. પ્રધાનમંત્રીશ્રીના સુપોષિત ભારતના સ્વપ્નને ચરિતાર્થ કરવા "સ્વસ્થ બાલક બાલિકા" સ્પર્ધા અંતર્ગત આપના કાર્યક્ષેત્ર હેઠળના ૦ થી ૬ વર્ષના તમામ બાળકોને ગ્રોથ મોનિટરીંગમાં આવરી લેવામાં આવે તે મુજબની જરૂરી કાર્યવાહી કરવા તથા નોડલ ઓફિસર્સના સંકલનમાં રહી આ કાર્યમાં સહભાગી થવા તથા જિલ્લા અને તાલુકા કક્ષાની આરોગ્યની કચેરીઓના તમામ ગ્રોથ મોનિટરીંગ સાધનો જેવા કે. વજનકાંટા અને ઊંચાઈ માપવાના સાધનોનો ઉપયોગ કરવાના રહેશે. એનજીઓ, લાયન્સ ક્લબ, રોટરી ક્લબ, રેસિડેનિયલ વેલ્ફેર એસોસીએશન, ઈન્ડિયન મેડિકલ એસોસિએશન, પેડિયાટ્રિક એસોસિએશન, એમ્પ્લોયર્સ એસોસિએશન, શાળાના શિક્ષકો, યુથ ક્લબ વગેરેને પણ જિલ્લા કક્ષાએ નોડલ ઓફિસર્સના સંકલનમાં રહી આ કાર્યમાં સહભાગી થવા આપની કક્ષાએથી તાત્કાલિક જરૂરી નિયમાનુસારની કાર્યવાહી કરવા તથા આપના તાબા હેઠળની તમામ પ્રાથમિક શાળાઓને આ અંગે જરૂરી સૂચના આપવા આથી જણાવવામાં આવે છે.

બિડાણઃ- ઉપર મુજબ

નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ. રા. ગાંધીનગર

**નકલ સવિનય રવાનાઃ-**

- કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ કચેરી, બ્લોક નં-૨૦/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

Scanned with CamScanner

નં. આઈસીડીએસ/પોષણ અભિયાન/૧૮૮૫/૦૭/૨૨
Commissioner Women & Child Development,
કમિશ્નર, મહિલા અને બાળ વિકાસ કચેરી,
Block No. 20/1, Dr. Jivraj Maheta Bhavan, Gandhinagar-382010.
બ્લોક નં. ૨૦/૧. ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦.
Date : ૧૧/૩/૨૦૨૨

सत्यमेव जयते

**K. K. Nirala, IAS**
**Commissioner**

માન. મહોદયશ્રી,

દેશમાં બાળકોમાં આરોગ્ય અને પોષણની સ્થિતિ સુધારવા સમુદાયની સહભાગીતા માટે ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા તા.26 નવેમ્બર, તા.10 ડિસેમ્બર અને તા.14 ડિસેમ્બર 2021 ના પત્રોના સંદર્ભથી "સ્વસ્થ બાલક બાલિકા" સ્પર્ધાનું આયોજન તારીખ ૮ જાન્યુઆરી થી ૧૪ જાન્યુઆરી ૨૦૨૨ દરમ્યાન સમગ્ર ભારતમાં કરવામાં આવેલ હતું. જે કોવિડ- 19 ની જે-તે સમયની પ્રતિકુળ પરિસ્થિતિને ધ્યાને લઇ ભારત સરકારશ્રીના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના તા.31/12/2021 ના પત્રથી મુલતવી રાખવામાં આવેલ.

ભારત સારકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના તા.04/12/2022 ના પત્રથી તા.21 થી 27 માર્ચ 2022 દરમ્યાન સમગ્ર દેશમાં "સ્વસ્થ બાલક બાલિકા સ્પર્ધા" નું આયોજન કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે. જેમાં 0 થી 6 વર્ષની વયજુથના તમામ બાળકો ઊંચાઈ અને વજન માપવા પર ભાર મૂકવામાં આવેલ છે. જે અન્વયે "સ્વસ્થ બાલક બાલિકા" સ્પર્ધાનું આયોજન સફળતા પુર્વક કરી તેનું મોનિટરીંગ કરવા માટે અત્રેની કચેરીના તા.08/12/2021 ના પત્રથી જે તે જિલ્લાના નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રીને નોડલ ઓફિસરશ્રી તરીકે નિયુક્ત કરવામાં આવેલ છે.

તારીખ 21 થી 27 માર્ચ ૨૦૨૨ દરમ્યાન યોજાનાર આ સ્પર્ધાના આયોજન, તૈયારી અને અમલીકરણને સરળ બનાવવા માટે ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા માર્ગદર્શિકા પણ તૈયાર કરવામાં આવેલ છે. આ માર્ગદર્શિકા મુજબ રાજ્યના ગ્રામિણ અને શહેરી વિસ્તારોમાં 0 થી 6 વર્ષની વય જુથના તમામ બાળકોના વજન અને ઊંચાઇનું માપન વિવિધ એજન્સીઓ દ્વારા કરવામાં આવનાર છે. આંગણવાડી કેન્દ્ર દ્વારા આવરી લેવામાં આવતા ભૌગોલિક વિસ્તારમાં આંગણવાડી કાર્યકર દ્વારા બાળકોના ઉંચાઇ અને વજન કરવામાં આવે તે વાતને પ્રાધાન્ય આપવામાં આવેલ છે. આંગણવાડી કાર્યકર ઉપરાંત એનજીઓ, લાયન્સ ક્લબ, રોટરી ક્લબ, રેસિડેન્શિયલ વેલ્ફેર એસોસીએશન, ઈન્ડિયન મેડિકલ એસોસિએશન, પેડિયાટ્રિક એસોસિએશન, એમ્પ્લોયર્સ એસોસિએશન, શાળાના શિક્ષકો, યુથ ક્લબ વગેરે પણ બાળકોના ઉંચાઇ અને વજનના માપનનું કાર્ય કરી શકે છે.

ઉપરાંત આંગણવાડી કાર્યકર સિવાય જે એજન્સી આ સ્પર્ધા અંતર્ગત બાળકોના ઉંચાઇ અને વજનના માપનની કામગીરીમાં સહભાગી થવા માંગતા હોય તેઓની જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તા.07 માર્ચ 2022 થી પોષણ ટ્રેકર એપ્લિકેશન પર "સ્વસ્થ બાલક બાલિકા" સ્પર્ધાના ઓનલાઈન મોડ્યુલમાં નોંધણી (રજીસ્ટ્રેશન) કરાવવાની રહે છે. (જો અગાઉ નોંધણી ન થયેલ હોય તો.)

માન.પ્રધાનમંત્રીશ્રીના સુપોષિત ભારતના સ્વપ્નને ચરિતાર્થ કરવા "સ્વસ્થ બાલક બાલિકા" સ્પર્ધા અંતર્ગત આપશ્રીના કાર્યક્ષેત્ર હેઠળના 0 થી 6 વર્ષના તમામ બાળકોને ગ્રોથ મોનિટરીંગમાં આવરી લેવામાં આવે તે મુજબની જરૂરી કાર્યવાહી કરવા તથા આપના તાબા હેઠળના રાજ્ય તથા જીલ્લા કક્ષાના

**Phone : (Office)** + 079 - 232 - 51710, **Fax No. :** 079-232-53308/09
**E-mail :** comm-wcd@gujarat.gov.in

Scanned with CamScanner

અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને નોડલ ઓફિસર્સના સંકલનમાં રહી આ કાર્યમાં સહભાગી થવા તથા જિલ્લા અને તાલુકા કક્ષાની આરોગ્યની કચેરીઓના તમામ ગ્રોથ મોનિટરીંગ સાધનો જેવા કે, વજનકાંટા અને ઊંચાઈ માપવાના સાધનોનો ઉપયોગ કરવાની જરૂરી સુચના આપવાની સાથે આપના વિભાગ સાથે સંકળાયેલ વિવિધ એનજીઓ, લાયન્સ ક્લબ, રોટરી ક્લબ, રેસિડેન્શિયલ વેલ્ફેર એસોસીએશન, ઈન્ડિયન મેડિકલ એસોસિએશન, પેડિયાટ્રિક એસોસિએશન, એમ્પ્લોયર્સ એસોસિએશન, શાળાના શિક્ષકો, યુથ ક્લબ વગેરેને પણ જીલ્લા કક્ષાએ નોડલ ઓફિસર્સના સંકલનમાં રહી આ કાર્યમાં સહભાગી થાય તે માટે અનુરોધ કરવા વિનંતી છે.

Regards.

આપનો સ્નેહાધીન

(કે.કે.નિરાલા)

પ્રતિ,

- અધિક મુખ્ય સચિવશ્રી,
  પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
- કમિશ્નરશ્રી,
  આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
- નિયામકશ્રી
  પ્રાથમિક શિક્ષણ વિભાગ

Scanned with CamScanner